**અગત્યનું-તાત્કાલિક**

**આજે જ**

નં.સંકલન/૩૦ જુનના રોજ વયનિવૃત થયેલા કર્મચારી/૧ જુલાઇના ઇજાફો આકરવા બાબત/૨૫.
કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (આરોગ્ય વિભાગ) ની કચેરી, બ્લોક નં.૫, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર. તા.૧૨/૦૮/૨૦૨૫.

પ્રતિ,

- અધિક નિયામકશ્રી, (તમામ) મજકુર કચેરી, ગાંધીનગર.
- વહીવટી અધિકારીશ્રી, (તમામ) મજકુર કચેરી, ગાંધીનગર.

વિષય:-૩૦ જુનના રોજ વયનિવૃત થયેલા કર્મચારીઓના કિસ્સામાં ૦૧ જુલાઇના ઇજાફો આકરવા બાબત.

સંદર્ભ:- સેકશન અધિકારીશ્રી, (ખ-શાખા) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક:-HFWD/MSM/e-file/7/2024/3795/KH,તા.૦૫/૦૮/૨૦૨૫ અન્વયે.

મે.સાહેબશ્રી,

સવિનય ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વેના સેકશન અધિકારીશ્રી, (ખ-શાખા) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગરના તા.૦૫/૦૮/૨૦૨૫ તથા નાયબ સચિવશ્રી, નાણા વિભાગ, ગાંધીનગરના તા.૦૧/૦૮/૨૦૨૫ પત્રની નકલ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે.

સદરહું પત્રમાં જણાવ્યાં મુજબ ૩૦ જુનના રોજ વયનિવૃત થયેલ કર્મચારીઓના કિસ્સામાં ૦૧ જુલાઇનો ઇજાફો આકારવા બાબતે થયેલા કોર્ટ કેસ સંદર્ભે નામ.સુપ્રિમકોર્ટ ધ્વારા તા.૨૦/૦૨/૨૦૨૫ ના તથા નામ.હાઇકોર્ટ ખાતે દાખલ થયેલા સમાન પ્રકારના તમામ કેસો નામ.હાઇકોર્ટના તા.૨૬/૦૩/૨૦૨૫ ના કોમન ઓરલ ઓર્ડરથી ૩૦ જુનના રોજ વયનિવૃત થયેલા કર્મચારીઓના કિસ્સામાં ૦૧ જુલાઇનો ઇજાફો આકરવાની કાર્યવાહી સમયમર્યાદામાં પુર્ણ કરવા જણાવેલ હતું. આથી નામ.સુપ્રિમકોર્ટ તથા નામ.હાઇકોર્ટના ઉક્ત ચુકાદા મુજબ આપના ખાતા હેઠળના ૩૦ જુનના રોજ વયનિવૃત થયેલ કર્મચારીઓના કિસ્સામાં ૦૧ જુલાઇનો ઇજાફો આકરવા અંગેની કાર્યવાહી સમયમર્યાદામાં પુર્ણ કરી કાર્યવાહી પુર્ણ થયા અંગેનું પ્રમાણપત્ર મોકલી આપવા જણાવેલ છે. (પ્રમાણપત્રનું ફોર્મેટ સામેલ છે.)

ઉક્ત પત્રમાં માંગ્યા મુજબ માહિતી પ્રમાણપત્ર સહિત આજે જ વિનાવિલંબે અત્રેની સંકલન શાખાને મોકલી આપવા વિનંતી છે.

બિડાણ:ઉપર મુજબ

આપનો વિશ્વાસુ

(સહી)

વહીવટી અધિકારી (સંકલન)
આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી
શિક્ષણ (આરોગ્ય વિભાગ) ગાંધીનગર.

**નકલ સવિનય સાદર રવાના:-**

- માન.કમિશ્નરશ્રી, આરોગ્ય (ગ્રામ્ય) ના રહસ્ય સચિવશ્રી, મજકુર કચેરી, ગાંધીનગર.
- માન.કમિશ્નરશ્રી, આરોગ્ય (અર્બન) ના પી.એ.શ્રી, મજકુર કચેરી, ગાંધીનગર.
- પી એ ટુ માન. ચીફ પર્સોનલ ઓફીસરશ્રી, મજકુર કચેરી, ગાંધીનગર.

**નકલ રવાના:-**

- સેકશન અધિકારીશ્રી (ખ-શાખા) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ આપશ્રીના તા.૦૫/૦૮/૨૦૨૫ ના પત્ર અન્વયે જાણ સારૂ..

Letter No: HFWD/0114/08/2025 Approved Date: 05-08-2025

પત્ર ક્રમાંક :HFWD/MSM/e-file/7/2025/3795/KH

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર

તા. ઈ-સાઈન મુજબ

પ્રતિ,

૧. કમિશ્નરશ્રી(અર્બન), આરોગ્ય, તબીબી સેવા અને તબીબી શિક્ષણની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.

૨. કમિશ્નરશ્રી(રૂરલ), આરોગ્ય, તબીબી સેવા અને તબીબી શિક્ષણની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.

૩. ચિફ પર્સોનલ ઓફીસરશ્રી, કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવા અને તબીબી શિક્ષણની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૪. મીશન ડાયરેક્ટરશ્રી(NHM), NHM ભવન, સિવિલ હોસ્પિટલ કંપાઉન્ડ, ગાંધીનગર.

૫. મેનેજીંગ ડાયરેક્ટર, ગુજરાત મેડીકલ સર્વીસીસ કોર્પોરેશન લીમીટેડ, ગાંધીનગર.

૬. કમિશ્નરશ્રી, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, બ્લોક નં.૮/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૭. નિયામકશ્રી, કામદાર રાજ્ય વીમા યોજના, પંચદીપ ભવન, ત્રીજો માળ, ઇન્કમ ટેક્ષ પાસે, આશ્રમ રોડ, અમદાવાદ.

૮. નિયામકશ્રી, આયુષ, ભારતીય તબીબી અને હોમિયોપેથી પધ્ધતિની કચેરી, બ્લોક નં ૧/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૯. અધિક નિયામકશ્રી (જાહેર આરોગ્ય), બ્લોક નં.૫, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૧૦. અધિક નિયામકશ્રી (પરિવાર કલ્યાણ), બ્લોક નં.૫, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૧૧. અધિક નિયામકશ્રી (તબીબી સેવા), બ્લોક નં.૫, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૧૨. અધિક નિયામકશ્રી (તબીબી શિક્ષણ), બ્લોક નં.૫, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૧૩. સી.ઈ.ઓ.શ્રી, ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી, સિવિલ હોસ્પિટલ, ગાંધીનગર.

૧૪. મુખ્ય ઇજનેરશ્રી, પ્રોજેક્ટ ઇમ્પ્લીમેન્ટેશન યુનિટ, સિવિલ હોસ્પિટલ, ગાંધીનગર.

૧૫. સેકશન અધિકારીશ્રી (મહેકમ), આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

વિષય:- ૩૦ જૂનના રોજ વયનિવૃત્ત થયેલા કર્મચારીઓના કિસ્સામાં ૦૧ જુલાઈના ઈજાફો આકારવા બાબત.

સંદર્ભ:- નાણા વિભાગનો પત્ર ક્રમાંક:- ઈજફ/૧૦૨૦૨૩/૪૧/ચ, તા.૦૧/૦૮/૨૦૨૫.

શ્રીમાન,

ઉપર્યુક્ત સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે,૩૦ જુનના રોજ વયનિવૃત થયેલ કર્મચારીઓના કિસ્સામાં ૦૧ જુલાઈનો ઈજાફો આકારવા બાબતે થયેલા કોર્ટ કેસ સંદર્ભે નામ.સુપ્રિમકોર્ટ દ્વારા તા.૨૦/૦૨/૨૦૨૫ના તથા નામ.હાઈકોર્ટ ખાતે દાખલ થયેલા સમાન પ્રકારના તમામ કેસો નામ.હાઈકોર્ટના તા.૨૬/૦૩/૨૦૨૫ના કોમન ઓરલ ઓર્ડરથી ૩૦ જુનના રોજ વયનિવૃત થયેલા કર્મચારીઓના કિસ્સામાં ૦૧ જુલાઈનો ઈજાફો આકારવાની કાર્યવાહી સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહે છે.

આથી, નામ.સુપ્રિમકોર્ટ તથા નામ. હાઈકોર્ટના ઉક્ત ચુકાદા મુજબ આપના ખાતા હેઠળના ૩૦ જુનના રોજ વયનિવૃત થયેલ કર્મચારીઓના કિસ્સામાં ૦૧ જુલાઈનો ઈજાફો આકારવા અંગેની કાર્યવાહી સમયમર્યાદામાં પૂર્ણ કરી, કાર્યવાહી પૂર્ણ થયા અંગેનું પ્રમાણપત્ર વિભાગના ઈ-મેઈલ khbranchhfwd@gmail.com પર તા.૧૫/૦૮/૨૦૨૫ સુધીમાં અચૂક મોકલી આપવા વિનંતી છે.

**નોંધ:-ખાતાના વડા કક્ષાએ માહિતીનું સંકલન કરીને ખાતા દીઠ એક જ પ્રમાણપત્ર મોકલી આપવા વિનંતી.**

સહી/-

(વિરેન સોલંકી)

સેક્શન અધિકારી

File No: HFWD/MSM/e-file/7/2025/3795/KH (Coordination)
Approved By: Deputy Secretary,KH (Coordination),HFWD
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

ક્રમાંક: ઈજફ/૧૦૨૦૨૩/૪૧/ચ
નાણા વિભાગ,
બ્લોક નં.૪/ત્રીજો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૦૧/૦૮/૨૦૨૫

પ્રતિ,
અ.મુ.સચિવશ્રી/અગ્રસચિવશ્રી/સચિવશ્રી,
સચિવાલયના તમામ વિભાગો,
સરદાર ભવન, ગાંધીનગર.

**વિષય: ૩૦ જુનના રોજ વયનિવૃત થયેલા કર્મચારીઓના કિસ્સામાં ૦૧ જુલાઈના ઈજાફો આકારવા બાબત.**

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ૩૦ જુનના રોજ વયનિવૃત થયેલ કર્મચારીઓના કિસ્સામાં ૦૧ જુલાઈનો ઈજાફો આકારવા બાબતે થયેલા કોર્ટ કેસ સંદર્ભે નામ.સુપ્રિમકોર્ટ દ્વારા તા.૨૦/૦૨/૨૦૨૫ના રોજ ચુકાદો આપવામાં આવેલ. જે અન્વયે નામ.હાઈકોર્ટ ખાતે દાખલ થયેલા સમાન પ્રકારના તમામ કેસો નામ.હાઈકોર્ટના તા.૨૬/૦૩/૨૦૨૫ના કોમન ઓરલ ઓર્ડરથી નામ.સુપ્રિમકોર્ટના ચુકાદાથી આપવામાં આવેલ નિર્દેશો મુજબ છ માસમાં કાર્યવાહી પુર્ણ કરવાના નિર્દેશો સાથે ડિસ્પોઝડ કરવામાં આવેલ છે. નામ.હાઈકોર્ટના તા.૨૬/૦૩/૨૦૨૫ના ચુકાદામાં આપવામાં આવેલ નિર્દેશો મુજબ ૬ માસની સમય મર્યાદા તા.૨૬/૦૯/૨૦૨૫ના રોજ પૂર્ણ થાય છે.

૨. નામ.સુપ્રિમકોર્ટ તથા નામ.હાઈકોર્ટના ઉક્ત ચુકાદા અન્વયે ૩૦ જુનના રોજ વયનિવૃત થયેલ કર્મચારીઓના કિસ્સામાં ૦૧ જુલાઈનો ઈજાફો આકારવાની કાર્યવાહી સત્વરે તથા સમય મર્યાદામાં પૂર્ણ થાય તે માટે નાણા વિભાગ ખાતે તમામ વિભાગોના ઉચ્ચ અધિકારીશ્રીઓ સાથે બેઠકો યોજવામાં આવેલ હતી.

૩. આથી નામ.સુપ્રિમકોર્ટ તથા નામ.હાઈકોર્ટના ઉક્ત ચુકાદા મુજબ ૩૦ જુનના રોજ વયનિવૃત થયેલ કર્મચારીઓના કિસ્સામાં ૦૧ જુલાઈનો ઈજાફો આકારવા અંગેની કાર્યવાહી સમયમર્યાદામાં પૂર્ણ થાય તેની તકેદારી રાખી, સઘન મોનીટરીંગ કરી આ કાર્યવાહી પૂર્ણ થયા અંગેનું પ્રમાણપત્ર (પ્રમાણપત્રનો નમૂનો આ સાથે સામેલ છે) નાણા વિભાગને તા.૩૧/૦૮/૨૦૨૫ સુધીમાં અચૂક મોકલી આપવા આજ્ઞાનુસાર વિનંતી છે.

**નોંધ:** વિભાગે માહિતીનું સંકલન કરીને વિભાગ દીઠ એક જ પ્રમાણપત્ર નાણા વિભાગને રજૂ કરવાનું રહેશે.

%બિડાણ: ઉપર મુજબ

આપનો વિશ્વાસુ,
(આઈ.ડી.ચૌધરી)
નાયબ સચિવ
નાણા વિભાગ

S.O. (ટ્રેઝ.)
02.8.25

# પ્રમાણપત્ર

નામ. સુપ્રિમ કોર્ટના તા.૨૦/૦૨/૨૦૨૫ના તથા નામ.હાઈકોર્ટના તા.૨૬/૦૩/૨૦૨૫ના ચુકાદા મુજબ ૩૦ જૂનના રોજ વયનિવૃત્ત થયેલ પેન્શનરોને ૧ જુલાઈનો ઈજાફો આપવાના આ વિભાગના કુલ ..................... કેસ હતા. જેમાંથી પાત્રતા ધરાવતા ..................... કેસ મંજૂર કરવામાં આવેલ છે તથા .................... કેસ નામંજૂર કરવામાં આવેલ છે. આ વિભાગના એકપણ કેસ (પિટિશનર/ નોન-પિટિશનર) પડતર નથી તેની ખાતરી કરી વિભાગ દ્વારા આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

નાયબ સચિવ/સંયુક્ત સચિવ/અધિક સચિવ

............. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.